
# પવનપુત્ર સાથે પૂજા



એક સુંદર મજાની દેરી. એ દેરીમાં હનુમાનજી બિરાજે. નાનકડી પૂજા ત્યાંથી પસાર થાય એટલે હનુમાનજીને પગે લાગે. એક વખત પૂજા નિશાળેથી છૂટી ઘેર આવતી હતી ત્યાં હનુમાન જયંતી નજીક આવવાથી દેરી શણગારવાની તૈયારી ચાલતી હતી. પૂજાને તેમાં રસ પડયો. તે ઘરે દફતર મૂકી હનુમાનજીની દેરી પાસે જઈ ઊભી.

ત્યાં તો,

જોરદાર પવન થયો અને ફૂલ અને પાંદડા ઊડવા લાગ્યાં. દેરી શણગારવા વાળા જતાં રહયા. પૂજા તો હનુમાનજી સાથે વાતો કરવા લાગી.

હે, હનુમાનજી, આ પવન કેવો તોફાની છે ? અહીં દેરી શણગારાઈ રહી છે તે બધું જ ઊડાડી દે છે ! મને પવન નથી ગમતો. હનુમાનજી તમે પવનને કહોને ચાલ્યો જાય...'

હનુમાનજી મરક... મરક... હસ્યા અને તેને વાચા ફૂટી. તે કહેવા લાગ્યા : 'પૂજા, હવા વગર તમારું જીવન ન ચાલે.'

પૂજા તો હું... હું.. કહી 'ના' પાડવા લાગી, 'મને તો આવી હવા ન ગમે.'

હનુમાનજી કહે, 'હા, પવન 'દેવ' છે. જો તમે નાક, મોં બંધ કરો તો શું થાય ?'

પૂજાએ નાક-મોં બંધ કરી કહ્યું : 'હનુમાનજી, મને તો ગૂંગળામણ થાય છે.'

હનુમાંનજી હસ્યા, અને કહ્યું :  ‘વધારે સમય હવા તમારા શરીરમાં ન જાય તો તમે મરી પણ જાવ.’

પૂજા બોલી : ‘હા, હોં ખરૂં હોં… પણ આમ પવન ધૂળ ઉડાડે એ મને ન ગમે.’

હનુમાનજી  કહે :  ‘સાચી વાત છે. ધૂળ, ધુમાડો, રજકણ હવાને ઝેરી બનાવે, ફેફસાં બગાડે છે. રોગ થાય છે.’

પૂજાએ છીંક ખાધી.

એટલે હનુમાનજી કહે : ‘જુઓ પૂજાબેન, તમે આમ છીંક ખાવ, શરદી થાય, ખાંસી થાય તો રોગના જીવાણું હવામાં ભળે… હવાને ચોખ્ખી રાખવી જોઈએ.’

પૂજા બોલી,  ‘હા, હનુમાનજી, તમને રોજ નવડાવીએ છીએ એ રીતે હવાને પણ નવડાય, ચોખ્ખી કરાય ?’

હનુમાનજી ખડખડાટ હસી પડયા. બોલ્યા :  ‘પૂજાબેન, આટલું પાણી પણ ક્યાં છે ? હવાને ચોખ્ખી રાખવા ધુમાડા, ધૂળ, મળમૂત્ર, થૂંક, ઉઘાડા ના રખાય, જાહેરમાં ન થૂંકાય.’

પૂજા કહે : ‘સાચી વાત છે. ઘરમાં ગરમી થાય એટલે ચોખ્ખી હવા માટે બારી-બારણાં ખૂલ્લા રાખીએ છીએ.’

પૂજા કહે : ‘પવનદેવને પણ નમસ્કાર કરવા જોઈએ નહીં !’

એટલામાં પાણીનો લોટો ઢોળાઈ ગયો. એટલે હનુમાનજી બોલ્યા :      ‘આમ પાણી ઢોળાતું હશે ?’

પૂજાએ તુરત કહ્યું :  ‘અરે હનુમાનજી, પાણીની ક્યાં તાણ છે ? પાણીની તો માણસો પરબ બંધાવે છે.’

હનુમાનજીએ ઊંચા અવાજે કહ્યું :   ‘અરે, પાણીને તમે બચાવો તો પાણી તમને બચાવે. સમજ્યાં !’

પૂજાને કશી ખબર ન પડી તે ખાલી લોટો લઈ પૂછવા લાગી:

‘હે, હનુમાનજી પાણી ન હોય તો ?’

હનુમાનજી કહે,    ‘પાણી ન હોય તો જીવન ન હોય…તરસ લાગે ત્યારે તમે શું પીશો ?’

પૂજા બોલી : ‘પાણી વળી….નદી, તળાવ, સરોવર, કૂવામાંથી પાણી આવે છે. વરસાદમાં નહાવાની મજા આવે છે.’

હનુમાનજી બોલ્યાં : ‘જુઓ, તમે શુદ્ધ પાણી કરીને જ પીઓ છો. પાણીને ગાળીને જ પીવાય. પણ એક વાત બહુ ખરાબ છે.’

પૂજા બોલી : ‘શી વાત ?’

હનુમાનજીએ કહ્યું,  ‘તમે પાણીને ચોખ્ખું રાખવાને બદલે ગંદુ કરો છો ! નદી, તળાવ,

સરોવરમાં વાસણ માંજો છો, કપડાં ધુઓ છો, મળમૂત્ર કરો છો, ઢોરને  નવરાવો છો, કચરો નાંખો છો. આમ જળાશયોનું પાણી ઝેરી બનાવો છો.'

પૂજા બોલી :  'એમ ના કરાય નહીં ? પાણી તો સહુને પીવા જોઈએ. જંગલને, ખેતીમાં વનસ્પતિને, માણસને અને હનુમાનજી તમને પણ ખરુંને ?'

હનુમાનજીએ લોકોનું ટોળું આવતું જોયું એટલે કહ્યું,  'પૂજાબેન, હવા અને પાણી ચોખ્ખા રાખશોને ?'

પૂજાએ બે હાથ જોડી છણકો કરતાં કહ્યું :  'હનુમાનજી, કયારેક વાતો કરતાં રહો તો મજા આવે.'

બધાં પવનનો વંટોળ રહી ગયો એટલે ફરી દેરી શણગારવા ભેગા થયા.

પૂજા મલકાતી મલકાતી ઘર તરફ ચાલવા લાગી.

- ભરતભાઈ દવે